# SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-2, April to June : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

## 'નિષ્ક્રમણ' : કોરોના મહામારીની સમસ્યાનું આલેખન કરતી વાર્તા

*સામાભાઈ ગણેશભાઈ સેંગલ*

સુરેન્દ્રનગર જિલ્લાના ખેરાળી ગામે જેમનો જન્મ થયો છે તેવા અનુઆધુનિકયુગના સર્જક હર્ષદ ત્રિવેદીએ કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર અને સંપાદક તરીકે ગુજરાતી સાહિત્યક્ષેત્રે નામના મેળવી છે. તેમની પાસેથી 'જાળિયું' (૧૯૯૪) અને 'મુકામ' (૨૦૨૦) નામે બે વાર્તાસંગ્રહ મળે છે. આ ઉપરાંત કોરોના વાયરસની સમસ્યાનું આલેખન કરતી તેમની મહત્ત્વની વાર્તા 'નિષ્ક્રમણ' "કોરોના : વાયરસ વાર્તાઓ" (સં. હરીશ મહુવાકર અને દુર્ગેશ ઓઝા) સંપાદિત પુસ્તકમાં પ્રગટ થઈ છે.

સૌ પ્રથમ તો શીર્ષકની યથાર્થતા તપાસતાં તેમાં ત્રણ શબ્દ મળે છે જેવા કે, નિષ્ક્રમણ, સંક્રમણ અને ક્રમણ. અહીં, નિસ્+ક્રમણ=નિષ્ક્રમણ, 'નિષ્ક્રમણ' એટલે-'બહાર જવું તે' 'ક્રમણ' એટલે-'આગળ વધવું તે' ઉચ્ચારણ વખતે પ્રતીકાત્મક રીતે નિષ્ક્રમણમાં નિષ્ક્રમણ અને ક્રમણની વચમાં સંક્રમણ શબ્દ છુપાયેલો છે તેથી 'સંક્રમણ' એટલે 'એક જગા કે સ્થિતિમાંથી બીજી જગા કે સ્થિતિમાં જવું તે; સંચાર અથવા વિષાણું, જીવાણું વગેરે સૂક્ષ્મ જીવોના ચેપનું અન્ય વ્યક્તિ કે સજીવમાં ફેલાવવું તે; ઇન્ફેક્શન'(સાર્થ જોડણીકોશ App.) આમ, નિષ્ક્રમણ એટલે બહાર જવું તે અને ક્રમણ એટલે આગળ વધવું તે. તેના આધારે કહી શકાય કે વાર્તામાં નાયકને કોરોનાનું સંક્રમણ થતાં તે ઘર છોડીને બહાર જવાની તૈયારી બતાવે છે અને નાયકના કોરોનાનું સંક્રમણ પત્ની સુધી ફેલાય છે. (પતિમાંથી પત્ની સુધી કોરોના સંક્રમણનું આગળ વધવું) એટલે કે કોરોનાનું ક્રમણ થાય છે. પ્રતીકાત્મક દૃષ્ટિએ જોતાં એક જ શીર્ષકમાં બંને ઘટનાનું આલેખન કરીને સર્જકે શીર્ષકને યોગ્ય ન્યાય આપ્યો છે. નિષ્ક્રમણ, સંક્રમણ અને ક્રમણ ત્રણેય શબ્દનું ભ્રમણ કહો કે મિશ્રણ તે 'નિષ્ક્રમણ' વાર્તામાં સફળ થયું છે જે નીચે પ્રમાણે છે.

'નિષ્ક્રમણ' વાર્તાના આરંભમાં કોરોનાગ્રસ્ત અશક્ત વાર્તાનાયક સતત મનોસંઘર્ષ કરે છે. વાઈરલ ઇન્ફેક્શન વધ્યું છે તેમ જણાતાં વાર્તાનાયક ઘર છોડવાની તૈયારી કરે છે માટે વાર્તાની શરૂઆતમાં જ વાર્તાનાયક ઊંડા વિચારોમાં એટલે કે જાગ્રત સ્વપ્નમાં ખોવાયેલો જોવા મળે છે. વાર્તાનાયકને કોરોનાનું સંક્રમણ થયું છે તેથી સંક્રમણ પછીની નાયકની પરિસ્થિતિ અને સંક્રમણ ફેલાવવાની ઘટના સુધી વાર્તા વિસ્તરે છે. ખૂબ સાવચેતી રાખવા છતાં અંતમાં કોરોનાનું સંક્રમણ પત્ની સુધી પહોંચે છે. આ બે ઘટનાનું આલેખન વાર્તામાં જોવા મળે છે. નાયકને ભય તો પરમ દિવસે બ્રશ કર્યું ત્યારથી જ હોય છે. તેથી ઘરના આઠેય સભ્યોએ પોત-પોતાની રીતે અલગ-અલગ જગ્યાઓ લઈ લીધી હોય છે. બધાંના અવાજો માસ્કના પડોની વચ્ચે ગૂંગળાય છે. સહુની આંખોમાં કોરી ખાતી ચિંતા દેખાય છે. નાયકને ગઈકાલ સાંજથી જે ફેરફારો થયા છે તેની જાણ માત્ર નાયકને જ છે. આજે કોરોનાની અસર વધુ જણાતાં નાયકથી સુવાતું નથી, એ આડો પડે કે તરત ઉધરસ ચડે. નાયક જાણે સ્વપ્નની જાગ્રત અવસ્થામાં હોય એમ તેને થાય છે કે એકાદ કલાકમાં જ એની સ્થિતિ વધુ બગડશે. ઘરના લોકોને ખબર પડશે તો બધા જ નીતિનિયમો અને જાતને તડકે મૂકીને એની સારવાર અંગે દોડાદોડી અને અડાઅડ કરશે, ને હું બધું જાણતે છતે મારા જ લોહીને ખતરામાં મૂકીને ચાલ્યો જઈશ. એમ નાયક પોતાની જાતને એમ્બ્યૂલન્સની સાયરનો, હૉસ્પિટલ સ્ટાફની દોડાદોડી ને બીજે દિવસે જો છાપામાં નામ આવશે તો બધાંને આપોઆપ ખબર પડી જશે તેવી આશંકા વ્યક્ત કરે છે. તેને થાય છે કે જો સારવાર પછી નેગેટિવ આવ્યું તો ચૌદ-પંદર દિવસે પાછા ઘેર ને પોઝિટિવ આવ્યું તો કોઈનું પણ મોઢુંય જોવાનું નસીબ નથી. આ નેગેટિવ પોઝિટિવનો ખેલેય નિરાળો છે. નાયક જાણે આખરી વાર ઊઠતો હોય એમ પલંગ ઉપરથી ઊઠે છે. છેલ્લી વાર કાઢતો હોય એમ મનગમતા આર-ઇસ્ત્રીવાળા સફેદ ઝભ્ભો-લેંઘો બહાર કાઢીને ખાંપણ ઓઢતો હોય એમ પહેરે છે. કબાટ ઉપર લાંબો અરીસો હોવા છતાં પોતાની જાતને જોયા વગર જ બારણું બંધ કરીને અવાજ ન થાય એમ ચોર પગલે બહાર નીકળે છે.


*સામાભાઈ ગણેશભાઈ સેંગલ, સિનિયર રીસર્ચ ફેલો - ગુજરાતી ભાષા અને સાહિત્ય ગુજરાતી વિભાગ, હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ.*

નાયક જ્યારે ફળિયામાં પ્રવેશે ત્યારે મોગરા, રાતરાણી અને મધુમાલતીની સુગંધ એને વીંટળાઈ વળે છે. તેને થાય છે કે જેને કોરોના થયો હોય એને કોઈ પણ પ્રકારની ગંધ નથી આવતી પણ એને તો આ સુગંધ આવી! ખરેખર આવી કે આદતવશ એના ચિત્તે સૂંઘી લીધી એ કોયડા ને સમજવા ફરીવાર એ ઊંડો શ્વાસ લે છે. ત્યારે તેને થાય છે કે ફેફસાં સાવ બંધ થઈ ગયાની સ્થિતિ હજી આવી નથી. ખરેખર સુગંધ કોરોનામાં આવતી હોતી નથી પરંતુ નાયક તેની પૂર્વ સ્મૃતિને આધારે સૂંઘે છે. તે આદતવશ હીંચકે બેસે છે ત્યારે તેને યાદ આવે છે કે હૉસ્પિટલમાં સીધો જઈશ તો સવારે ઊઠીને શ્રી (જયશ્રી-તેની પત્ની) કે છોકરાઓ તેને નહીં જુએ તો શોધાશોધ કરશે. એટલે ચિઠ્ઠી લખીને જવાનો વિચાર કરે છે. ફરી પાછો ઘરની અંદર ચોરીથી પ્રવેશે છે. ટેબલ ખુરશી પર બેસી પરિવારને સંબોધીને એક ચિઠ્ઠી લખી નાખે છે. વાર્તાન્તે નાયક પાછો ચોર પગલે હીંચકે આવી પહોંચે છે. હીંચકા પરથી ઉઠવાના લાખ પ્રયત્ન કરવા છતાં ઊઠી શકતો નથી. જાણે એના શરીરને અને હીંચકાને એક સાથે કોરોના લાગુ પડ્યો હોય એવા વિચાર સાથે ઝબકી જાય છે. અચાનક જ એની પીઠ ઉપર કોઈની હથેળીનો મુલાયમ સ્પર્શ અનુભવે છે. તેની પત્ની જરાક સરકીને આગળ આવે છે અને નાયકની લગોલગ બેસી પડે છે. નાયક સ્વપ્ન અંગે કશુંક બોલવા જાય છે એ પહેલા નાયકના હોઠ ઉપર હથેળી મૂકી દે છે. ધીમેથી, પણ ઘોઘરા અવાજે એટલું જ કહે છે: "સાંભળો છો? ગાંધી સાહેબે તમને જે દવા આપી છે એ સવારે મને પણ આપજો... જુઓને મારા ગળામાં ય કેટલી ખરેરી બાઝી ગઈ છે..!"(પૃ-૨૪). આમ, કોરોના મહામારીની સમસ્યાઓનું આલેખન આ વાર્તામાં જોઈ શકાય છે. કોરોના વખતે કેવી કેવી સમસ્યાઓ થઈ હતી? તેમાંની કેટલીક સમસ્યાઓ સર્જકે પોતાની આ વાર્તામાં ઝીલી છે તે હવે જોઈએ.

વાર્તાના આરંભે જ નાયકને કોરોનાનું સંક્રમણ થયેલું જોવા મળે છે. કફની સમસ્યા સામે કફથી હેરાન થયેલો નાયક બેચેન છે. કફ સામે કેવો ઝઝૂમી રહ્યો છે તે સમસ્યાનું આલેખન સર્જકની વર્ણનશક્તિથી આલેખાયું છે; "જાણે કોઈએ ગળામાં સિંદૂર કાલવીને રેડી દીધું છે. ક્યારનોય નાની મોટી ખોંખારી કર્યા કરું છું પણ ખરેરી ઓછી થતી નથી. થોરિયાના દૂધથીય વધારે ચીકાશ અંદર જામી ગઈ છે. વારેવારે વોશબેસિન પાસે જાઉં છું, કોગળા કરું છું તોય સુક્કુંભઠ્ઠ ગળું લઈને પાછો આવું છું. એમ થાય છે કે રોજ હાથ નાખીને તાંબાનો લોટો ઊટકું છું એમ હાથ અંદર નાખીને બધો કફ ઊતરડી લઉં. બહુ પ્રયત્ન કરું છું, પણ થૂંકેય ઊતરતું નથી."(પૃ.-૧૮).

કોરોનાના સંક્રમણ પછી, કોરોનાની નાયકના મનોચિત્ત પર ઊંડી અસર પડે છે, એટલે કે તે વખતે નાયકને થયેલાં કોરોનાની ચિંતારૂપી સમસ્યાનું આલેખન થયેલું જોવા મળે છે (જાત સાથેનો સંવાદ) જોઈએ; "દહેશત તો પરમ દિવસે સવારે બ્રશ કર્યું ત્યારથી જ છે. પણ, આજે સૂતો છું ત્યારનો બેચેન છું. વૉટ્સએપ પરના મેસેજ વારંવાર એકની એક વાત કહે છે, બે કે ત્રણ દિવસ આવી રીતે ગળું પકડાય પછી ફેફસાં ઉપર આક્રમણ થાય. એમ સમજો ને કે ફેફસાં તો બિચારાં ટોકરીમાં પુરાયેલી મુરઘી."(પૃ.-૧૮).

વાર્તાનાયકને કોરોનાનું સંક્રમણ થયું છે. તેના પછી ઘરમાં થતી સમસ્યાનું એટલે કે ઘરની ગંભીર પરિસ્થિતિનું આલેખન કરતું વાક્ય: "ઘરનાં આઠેય જણાંએ અલગ અલગ જગ્યાઓ લઈ લીધી છે. બધાંના અવાજો માસ્કનાં પડોની વચ્ચે ગૂંગળાય છે."(પૃ.-૧૮).

કોરોનાના સંક્રમણ પછી વાર્તાનાયકની સ્થિતિ બગડે છે. વાયરસની ગંભીર સમસ્યા સામે નાયક ઝઝૂમે છે. ટૂંકમાં નાયકની થયેલી અઘરી પરિસ્થિતિમાં નિરૂપાયેલી સમસ્યાઓ અને નાયકનો કોરોના વાયરસ સામે સંઘર્ષ જુઓ; "મારા શરીરમાં, મને જે થાય છે તેની જાણ ફક્ત મને જ છે. કોઈને કશું કહેવાની મારામાં હિંમત રહી નથી. ખાસ તો નાના બચ્ચાઓને લઈને હું વિહળ થઈ ગયો છું."(પૃ.-૧૯). "મારાથી સુવાતું નથી. જરાક આડો પડું કે તરત ઉધરસ ચડે. શ્વાસ ભરાય નીકળે નહીં. છાતી ઉપર મણમણનો ભાર કોણ જાણે ક્યાંથી આવી જતો હશે? તરત બેઠો થઈ જાઉં. આમ ઉઠબેસમાં જ આટલા વગાડ્યા. સૂતાં સૂતાંય ચક્કર આવતાં હોય એવું લાગે છે."(પૃ.-૧૯). "હીંચકા પરથી ઉઠવાના લાખ પ્રયત્ન કરું છું તોય ઊઠી નથી શકતો."(પૃ.-૨૩).

વાર્તાનાયક ઘરનું બારણું બંધ કરીને જ્યારે ફળિયામાં આવે છે. ફળિયામાં હીંચકો છે, આસપાસ ફૂલ છોડ છે. ફૂલોની સુગંધને માણે છે ત્યારે કોરોનાના સંક્રમણને કારણે પોતાના પરિવારને સંક્રમણ ન થાય તેની ચિંતા કરતો નાયક હીંચકા ઉપર બેસી શકતો નથી. હીચકા પર ન બેસી શકવાની વેદનામાં ભયરૂપી સમસ્યાનું વર્ણન: "હીંચકે બેસીને થોડું વધારે સૂંઘવા માગું છું. પણ રોકાઈ જાઉં છું. એમ થાય છે કે હીંચકાને હું ન અડકું એ સારું, કેમ કે નાનકો સવારે ઊઠીને પહેલો હીંચકે બેસશે"(પૃ.-૨૧).

વાર્તાનાયક જ્યારે અડધી રાત્રે પરિવારને જાણ કર્યા વગર હૉસ્પિટલ જવાનો નિર્ણય લે છે ત્યારે તેમના મનમાં ચિંતારૂપી સમસ્યા જાગૃત થાય છે. તેને થાય છે કે હું આમ જાણ કર્યા વગર જઈશ તો સવારે પરિવાર મને શોધવામાં ચિંતામાં પડશે, વળી તેમને સામાજિક કે પારિવારિક વહેવારની પણ ખબર નથી તેથી તેમની જાણ સારું એક ચિઠ્ઠી લખી તેમાં જાણ કરીને પછી જ નીકળવાનો નિર્ણય લે છે. પોતાના વગર પરિવારની હાલત શું થશે અથવા વહેવાર કેમ સાચવશે તે ચિંતારૂપી સંપૂર્ણ સમસ્યા અને સમસ્યાના સમાધાનનું આલેખન કરતું વર્ણન; "થાય છે કે આ લોકોને કશી ખબર જ નથી કે મારા વહીવટ-વહેવાર કેમના ચાલ્યાં છે? નથી એમાં

શ્રીએ કદી માથું માર્યું... કેમની ખબર પડશે? છોકરાં ઓ બિચારાં મૂંઝાય એ કરતા ચોખવટ કરીને જાવું સારું!... હાથ ધ્રૂજે છે એમ નહીં, પણ મગજ અને હાથ વચ્ચેનો મેળ ઓછો થઈ ગયો છે. મકાનના દસ્તાવેજની ફાઈલ, બધે બધા વિમાની પોલિસીઓ, લોકરની ચાવીઓ અને નંબરો વગેરે જેટલું સાંભરી આવે છે એ બધું ભેગું કરીને ડાઇનિંગ ટેબલ પર ચિઠ્ઠીની સાથે મુકું છું. ચિઠ્ઠી ઉપાડીને વળી પાછો એક ટાંક મારું છું: 'ડ્રાઈવર બચુભાઈની દીકરીના લગ્ન વખતે પચાસ હજાર હાથ ઉછીના આપ્યા છે તે પાછા ન લેવા. મારી સ્મૃતિમાં ક્યાંય તકતી મઢ્યાં દાન ન કરવાં. એને બદલે આપણે ત્યાં જે માળી, ચોકીદાર, દૂધવાળો, ધોબી, સફાઈ કામદાર, ડ્રાઈવર વગેરે કામ કરતાં હોય તેમને વારતહેવારે કે પ્રસંગે ઓછું ન આવે એટલું જોજો."(પૃ-૨૨).

અહીં વાર્તાનાયક ઘર છોડતાં પહેલાં ચિઠ્ઠીમાં જે પોતાના મનોભાવને આલેખે છે તેમાં પરિવારના મોભી અને પિતા તરીકેનું મૂલ્ય તો છે જ પણ તેની સાથે સાથે નાયકને દાન-તકતીમાં રસ ન હોય તેમ; ઘરનો માળી, ચોકીદાર, દૂધવાળો, ધોબી, સફાઈ કામદાર અને ડ્રાઈવર જેવાં સામાન્ય લોકોએ હંમેશાં તેમને ત્યાં કામ કર્યું છે માટે એમને ક્યાંય ઓછું ન આવે એવી સૂચના મજૂર વર્ગની વેદનાને વાચા આપે છે. જેમાં સર્જકગત માનવીય લાગણી આલેખાઈ છે. ભલે એ માનવીય લાગણી-સંવેદના વાર્તાનાયક થકી વર્ણવાઈ હોય પરંતુ એક વાર્તાકાર તરીકે તેમનામાં માનવીય લાગણી-સંવેદના જોવા મળે છે. જે વાર્તાને વધુ આકર્ષિત બનાવે છે. મૂળ તો માનવી માનવીને જ કામ આવે તેવો ભાવાર્થ વાર્તાકારની આ વાર્તામાં જોઈ શકાય છે જે પ્રસંશનીય છે.

વાર્તાન્તે કોરોનાનું સંક્રમણ નાયકમાંથી તેમની પત્ની સુધી પહોંચી જાય છે. પત્નીને હવે દવા લેવી પડશે. પરિવારમાં આવેલી આ બીજી સમસ્યા ઉભી થઈ છે. પત્નીને પણ કોરોનારૂપી સમસ્યા સામે સાવચેતી જાળવવી પડશે તેવો પ્રતીકાત્મક સંકેત મળી રહે છે જેવો કે; "સાંભળો છો? ગાંધીસાહેબે તમને જે દવા આપી છે એ સવારે મને પણ આપજો... જુઓને મારા ગળામાં ય કેટલી ખરેરી બાઝી ગઈ છે...!"(પૃ-૨૪).

આમ, વાર્તામાં કોરોનાની વૈશ્વિક મહામારીમાં કોરોનાગ્રસ્ત લોકોની ગંભીર સમસ્યાઓ સર્જકે આપણને વાર્તાનાયકની સમસ્યા થકી બતાવી છે જેની અસર કોરોનાકાળ દરમિયાન સામાન્ય માણસથી લઈને ગરીબ-અમીર સૌ કોઈને થઈ છે. વાર્તાનાયકને કોરોનાના સંક્રમણ દરમિયાન પડેલી મુશ્કેલીઓ જેવી કે, બેચેની થવી, ખરેરી ઓછી ન થવી, આખા શરીરે ખાલી ચડવી, સુક્કુંભઠ્ઠ ગળું થવું, ગળે થૂંક ન ઊતરવું, શરીરમાં ખાલી ચડવી, અશક્તિ આવવી, માસ્કની ગૂંગળામણ, ઉધરસ ચડવી, શરીરમાં હિંમત ન રહેવી, ઊંઘ ન આવવી, સૂતાં સૂતાંય ચક્કર આવવાં, ચોરની જેમ બારણું ઉઘાડવું, હીંચકા પર બેસતાં પહેલાં અન્યને સંક્રમણ ન થાય તેનો વિચાર કરવો, પરિવાર વહીવટ વહેવાર કેમ કરશે? તેની ચિંતા, મગજ અને હાથ વચ્ચેનો મેળ ઓછો થઈ જવો વગેરે સમસ્યાઓ વાર્તામાં જોવા મળે છે. વાર્તામાં મુખ્ય ભયાનકરસ નિરૂપણ પામ્યો છે. જેમાં નાયકને કોરોના વાયરસની કોરી ખાતી ચિંતામાં ભય દેખાઈ આવે છે. ભયાનકરસ સાથે કોરોના સંક્રમણમાં કફ, ઉધરસ, અશક્તિથી કોરોના વાયરસ સામે નાયકને સંઘર્ષી બતાવ્યો છે. સર્જકે નાયકની ચિંતારૂપી, ભયરૂપી અને વિચારોમાં એટલે કે વિચારરૂપી સમસ્યાથી વાર્તાને વધુ આકર્ષિત બનાવી છે. રસ અને સંઘર્ષ તથા વર્ણનશક્તિમાં; "જાણે યમ-યમી મહારાસ ખેલી રહ્યાં છે."(પૃ-૨૪). જેવી અલંકારીત ભાષાથી વાર્તામાં કોરોના મહામારીનું આલેખન સંપૂર્ણ પણે નિરૂપાયું છે માટે કોરોના મહામારીની સમસ્યાઓનું આલેખન કરતી આ વાર્તા સફળ બને છે. જે કોરોના વાયરસના વિષયને ન્યાય આપતી કોરોનાકાળની ઉત્તમ વાર્તાઓમાં અગ્ર સ્થાને મૂકી બિરદાવવા યોગ્ય છે.

- **સંદર્ભ:**

**૧. ત્રિવેદી, હર્ષદ. 'નિષ્ક્રમણ', 'કોરોના' (વાયરસ વાર્તાઓ): સં. હરીશ મહુવાકર અને દુર્ગેશ ઓઝા., પ્રકાશક : ઝેડકેડ પબ્લિકેશન., અમદાવાદ. પ્રથમ આવૃત્તિ-૨૦૨૪, મૂલ્ય: ₹૨૪૦.**

**સરનામું:-**
**સામાભાઈ ગણેશભાઈ સેંગલ,**
**સિનિયર રીસર્ચ ફેલો–ગુજરાતી ભાષા અને સાહિત્ય.,**
**ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ડીસા.**
**પિન.-૩૮૫૫૩૫. મો.૯૦૫૪૦૭૦૯૩૯.**